પરીપત્ર નં.- ૮૨..............

<u>તાત્કાલીક / સમય મર્યાદા</u>

ક્રમાંક/માધ્ય/મહીલા/જા.તપાસણી/૨૦૨૨-૨૩/૩૭૫૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમરેલી
તા. ૨૭/૦૫/૨૦૨૨

આ સાથે સામેલ નિયામકશ્રી ગાંધીનગર તા. ૨૩/૦૫/૨૦૨૨ ના પત્રના વિષય અન્વયે આપની કક્ષાએથી સંસ્થામા આંતરીક ફરીયાદ નિવારણ સમિતિની રચના કરી સામેલ પત્રક મુજબ આપની સંસ્થાની વિગતો ભરી દિન- ૨ (બે) મા madhyamik.amrelideo@gmail.com પર બિનચૂક રીતે મોકલી આપશો જેથી વડી કચેરીને સમય મર્યાદામા માહીતી મોકલી શકાય.

કામકાજના સ્થળે મહિલા જાતિય સતામણી (ફરીયાદોનું નિવારણ, રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ-૨૦૧૩ અન્વયે આંતરીક ફરીયાદ સમિતિની રચના અંગેની વિગત દર્શાવતું પત્રક

| શાળાનું નામ | સમિતિની રચના કરવા અંગે | | સમિતિની રચના માર્ચ- ૨૦૨૨ સુધી નોંધાયેલ કેસોની માહીતી | | |
|---|---|---|---|---|---|
| | સમિતિની રચના કરેલ હોય તેની સંખ્યા | સમિતિની રચના બાકી હોય તેવી સંખ્યા | નોંધાયેલ કેસો | નિકાલ | પેન્ડીંગ |
| | | | | | |

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ. અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી ગ્રાન્ટેડ માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શાળાઓ તમામ,
જિ. અમરેલી

ઈ-મેઈલ/સમયમર્યાદા

ક્રમાંક: ધમાધ્ય/પરચ/૨૦૨૨/૪૪૭૦-૪૯૦૩

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૪/૦૫/૨૦૨૨

૩૬૯ ૨૪/૫/૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : કામકાજના સ્થળે મહિલા જાતીય સતામણી (ફરિયાદોનું નિવારણ, રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ-૨૦૧૩ અન્વયે સમિતિની રચના કરવા બાબત.

સંદર્ભ : અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: મવર/૪૭૧૬/મ-૧૨/૨૦૨૨/૧૬૪૭, તા.૨૮/૪/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રની વિગત અન્વયે કામકાજના સ્થળે મહિલા જાતીય સતામણી (ફરિયાદોનું નિવારણ, રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ, ૨૦૧૩ (નકલ સામેલ છે.) અન્વયે આપના કાર્યક્ષેત્ર હેઠળની જિલ્લાની તમામ સંસ્થાઓમાં આંતરિક ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવાની થાય છે. આ સમિતિમાં અધ્યક્ષ તરીકે વરિષ્ઠ મહિલા અધિકારી તેમજ અન્ય સભ્યો પૈકી એક સભ્ય સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી લેવાના રહે છે, જે જાતીય સતામણીના પ્રશ્નોથી જાણકાર હોય અને સ્ત્રીઓની સમાજિક સેવાઓ માટે સમર્પિત હોય. આ આંતરિક ફરિયાદ નિવારણ સમિતિમાં ઓછામાં ઓછા અડધા સભ્યો મહિલા હોવા જોઈશે.

ઉક્ત વિગત અન્વયે આપના તાબાની ગ્રાન્ટેડ શાળાઓ કે અન્ય ગ્રાન્ટ લેતી સંસ્થાઓમાં કે જ્યાં ૧૦ કે તેથી વધુ કર્મચારીઓ શાળા કે સંસ્થામાં ફરજ બજાવતા હોય તેવી શાળાઓ/સંસ્થાઓએ પોતાની સંસ્થા માટે આંતરિક ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવાની રહે છે. જે મુજબ આપના કાર્યક્ષેત્ર હેઠળની ગ્રાન્ટેડ શાળા/સંસ્થાઓમાં અધિનિયમની જોગવાઈ મુજબ આંતરિક ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવા જરૂરી સૂચના આપવા તેમજ આ સાથે સામેલ પત્રક મુજબ આપના જિલ્લાની વિગતો ભરી દિન-૦૭ માં ssmadhyamik3@gmail.com પર બિનચૂક રીતે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ.

મદદનીશ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર.

EI શ્રી
૨૪-૫-૨૨